**અમદાવાદ(રુરલ)ના મે. ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં.૭૪૨૮/૨૦૧૮**
**આંક–૦૬**

ફરીયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– જાકીરભાઈ સ/ઓ મહેમુદભાઈ મઈડા

**ગુનો:– ઈ.પી.કોડની કલમ : ૧૮૮ તથા જી.પી. એકટની કલમ:૧૩૧ મુજબ**

**ચુ કા દો**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ મે.પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કોડની કલમ: ૧૮૮ તથા જી.પી. એકટની કલમ:૧૩૧ વિગેરે મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા, તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ અને તેના સંદર્ભે જી.એસ.એલ.એસ.એ. ના પત્ર ક્રમાક જી.એસ.એલ.એસ.એ/૧૨૯૬/૨૦૧૮ તા. ૧૮/૦૮/૨૦૧૮ ના સંદર્ભે ડી.એલ.એસ.એ. ના નોટીફીકેશન નંબર ડી.એલ.એસ.એ./૬૪૧/૨૦૧૮ તા.૦૪/૦૯/૨૦૧૮ મુજબ સ્પેશ્યલ સીટીંગ માટે ડેઝીનેટીડ કરતા આ કામના આરોપીને ઉપરોકત જણાવેલ ગુન્હાના સંદર્ભે સમન્સ કાઢતા તે હાજર થયેલ છે.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને ક્રી.પ્રો.કો કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–૦૪ થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::–હુ ક મ–::**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ: ૧૮૮ તથા જી.પી. એકટની કલમ:૧૩૧ વિગેરે મુજબ શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી રુા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન: ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બિનકિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો, તેનો અપીલ સમયબાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૮મી, માહે સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ખુલ્લી નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૯/૨૦૧૮**
અમદાવાદ(ગ્રામ્ય)

**(શિવકુમાર પી. કેન)**
UIC No GJ 01196
૪થા જ્યુડી.મેજી.ફ.ક
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.